B

A

O

U


**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

''જ્યોર્તિમય'' પરિસર,

શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,

છારોડી, અમદાવાદ-૩૮૨ ૪૮૧

E-mail: feedback@baou.edu.in Website : www.baou.edu.in


# સત્રીયકાર્ય જૂન– ૨૦૧૬

## સ્નાતક પદવી અભ્યાસક્રમ: (BDP)

# ACC-01

## પાઠયક્રમ શીર્ષક :- (બાળસંભાળ સેવા આયોજન)

## અગત્યની સૂચનાઓ

- ✓ વિદ્યાર્થીઓએ પોતાના પાઠયક્રમોના સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર/યુનિવર્સિટીની વેબ-સાઈટ પરથી મેળવવાના રહેશે.
- ✓ સત્રાંત પરીક્ષા આપવા માટે સ્વાધ્યાય કાર્ય રજુ કરવા ફરજીયાત છે. સ્વાધ્યાય કાર્ય જમા કરાવેલ નહીં હોય, તો પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.
- ✓ તૈયાર કરેલ સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવાની છેલ્લી તારીખ ૩૦/૧૨/૨૦૧૬ છે. આ તારીખ પછી વિદ્યાર્થીઓ દ્વારા મોકલાવેલ સ્વાધ્યાયકાર્યો સ્વીકારવામાં આવશે નહી.
- ✓ જમા કરાવેલ સ્વાધ્યાયકાર્યોની પહોંચ અભ્યાસકેન્દ્ર પરથી લેવી ફરજીયાત છે.
- ✓ વિદ્યાર્થીઓએ નિયત સમય મર્યાદામાં સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવા તેમજ મૂલ્યાંકન થયા બાદ મૂલ્યાંકન પત્રક સાથેના સ્વાધ્યાયકાર્યો અભ્યાસ કેન્દ્ર પરથી અવશ્ય પરત લેવા.
- ✓ વિદ્યાર્થી પોતાના સ્વાધ્યાયકાર્યોના ગુણ યુનિવર્સિટીની વેબ-સાઈટ પર જોઈ શકશે.
- ✓ આ પાઠ્યક્રમ સ્નાતક પદવીનાં તૃતિય વર્ષના વિદ્યાર્થીઓ માટે વ્યવસાયલક્ષી પઠયક્રમો પૈકીનો એક છે.
- ✓ ત્રીજા વર્ષમાં વિદ્યાર્થી માટે વ્યવસાયલક્ષી પાઠ્યક્રમો પૈકી ઓછામાં ઓછા ૮ ક્રેડિટના અને વધુમાં વધુ ૧૬ ક્રેડિટના પાઠયક્રમો પસંદ કરવાના રહેશે.

# સત્રીયકાર્ય માટે આવશ્યક સૂચનાઓ

## પ્રિય વિદ્યાર્થી મિત્રો

આપને દરેક પાઠયક્રમદીઠ એક સત્રીયકાર્ય તૈયાર કરવાનું ફરજિયાત છે. દરેક સત્રીયકાર્ય તમામ અભ્યાસ-સામગ્રી પર આધારીત હોય છે.

સત્રીયકાર્ય તૈયાર કરી આપના અભ્યાસકેન્દ્રના સંયોજકશ્રી પાસે જમા કરાવવું અને તેની પાવતી અવશ્ય લેવી. દરેક સત્રીયકાર્યની ઝેરોક્ષ નકલ આપની પાસે રાખવી.

દરેક સત્રીયકાર્યના ૧૦૦ ગુણ નિશ્રિત છે. જેમાં પાસ થવા માટે B.A./B.com.માં ૩૬ ગુણ લાવવા જરૂરી છે. પરિણામમાં તેનો ભારાંક ૩૦% હોય છે. અભ્યાસકેન્દ્ર દ્વારા મૂલ્યાંકન કરાવેલ સત્રીયકાર્યો પરીક્ષામાં વાંચવા માટે પરત અવશ્ય લેવું. અભ્યાસકેન્દ્ર આપના સત્રીયકાર્યના ગુણો યુનિવર્સિટી અમદાવાદ ખાતે મોકલી આપશે. જે આપની માર્કશીટમાં ગુણગ્રેડ યાદીમાં સામેલ કરી (૭૦% પરીક્ષા અને ૩૦% સ્વાધ્યાયકાર્ય) ફાઈનલ ગુણગ્રેડ માર્કશીટ તૈયાર થશે.

આ સત્રીયકાર્યનો મુખ્ય ઉદ્દેશ્ય પરીક્ષા માટેની પૂર્વ તૈયારી છે. સત્રીયકાર્યમાં પૂછવામાં આવેલ પ્રશ્નોનું માળખું પરીક્ષાના પ્રશ્નપત્રો જેવું હોય છે. પ્રશ્નોના જવાબમાં અભ્યાસ સામગ્રીનું પુનરાવર્તન કરવાનું નથી હોતું. આપ વાંચનથી જે શીખ્યા છો, તે પોતાની ભાષામાં લખવાનું હોય છે. જેથી આપ સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવાની કામગીરી ગંભીરતાથી કરશો.

યુનિવર્સિટીમાં વર્ષ-૨૦૦૮ સુધીના પ્રવેશાર્થીઓ માટે B.A./B.Com. ના પ્રથમ ,દ્વિતિય તથા તૃતિય વર્ષના તમામ અભ્યાસક્રમ/પાઠયક્રમમાં ચાર ક્રેડિટના પાઠયક્રમમાં બે અને આઠ ક્રેડિટના પાઠયક્રમમાં ત્રણ સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવાનો નિયમ હતો. એકેડેમીક પ્લાનીંગ બૉડની (A.P.B. મંજૂરી થી) ઓગષ્ટ-૨૦૦૯ થી પાઠ્યક્રમ દીઠ એક-એક સ્વાધ્યાયકાર્ય રજૂ કરવાની નવી પદ્ધતિ શરૂ થયેલ છે. તેથી આપને પાઠ્યક્રમ દીઠ એક-એક સ્વાધ્યાયકાર્ય જે આપને આપના અભ્યાસકેન્દ્ર/યુનિવર્સિટીની વેબ-સાઈટ પરથી મેળવવાના હોય અને તેને નિશ્ચિત થયેલ છેલ્લી તારીખમાં સ્વ-અધ્યયનના આધારે તૈયાર કરી, આપના અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવાના રહેશે.

આપના પાઠ્યક્રમના સ્વાધ્યાયકાર્યોમાં પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબ લખતા પહેલા પ્રથમ પાના ઉપર નીચે મુજબની માહિતી લખવી જરૂરી છે.

| | |
|---|---|
| નોંધણી નંબરઃ-______________________ | અભ્યાસક્રમઃ- ______________________ |
| પૂરૂં નામઃ-______________________ | પાઠ્યક્રમઃ-______________________ |
| સરનામુંઃ- ______________________ | સ્વાધ્યાય સંખ્યાઃ- ______________________ |
| મોબાઈલ નંબરઃ- ______________________ | તારીખઃ- ______________________ |

અમે ઈચ્છીએ છીએ કે આપ દરેક સત્રીયકાર્ય અલગ-અલગ ચોપડામાં સુંદર ભાષામાં ઉપર દર્શાવેલ મુજબની માહિતી સાથે નિયત સમય મર્યાદામાં તૈયાર કરી અભ્યાસકેન્દ્ર પર જમા કરાવશો. મૂલ્યાંકન થયા બાદ મૂલ્યાંકન પત્રક સાથે પોતાના સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર પરથી પરત અવશ્ય લેવું.

જૂના વિદ્યાર્થીઓ (૨૦૦૮ સુધીના) માટે જૂની પધ્ધતિના સ્વાધ્યાયકાર્યો યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે, જે ધ્યાને લેવું.

**શુભેચ્છા સહ,**

# ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

**પાઠયક્રમ કોડઃ- ACC-01(બાળસંભાળ અયોજન)**

**સત્રીયકાર્ય કોડઃ- ACC-01/AST-01/TMA/2016**

**(તમામ પાઠયસામગ્રી પર આધારિત)**

**અભ્યાસ કેન્દ્રને સોંપવાની છેલ્લી તારીખ :-30/12/2016** **(કુલ ગુણ:-100)**

**વિભાગ-ક** **વિવરણાત્મક શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૫૦૦ શબ્દોમાં આપો.** (૨×૨૦=૪૦)

૧ શિશુના વિકાસમાં પ્રોત્સાહનની જરૂરિયાત વર્ણવો.

**અથવા**

શિશુઓના હકો-બાળઅધિકારો જણાવો.

૨ રમત પર અસર કરતા પરિબળો જણાવો.

**અથવા**

બાળકોના મોટા (સ્થુળ) સ્નાયુઓ માટેની પ્રવૃત્તિઓ જણાવો.

**વિભાગ-ખ** **મધ્યમ શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૦૦૦ શબ્દોમાં આપો.(ગમે તે બે)** (૨×૧૫=૩૦)

૧ બાળકોના ઉછેરમાં પાલન કરનારની ભૂમિકા જણાવો.

૨ ભાષા એટલે શું ? ભાષાના વિકાસમાં બોલીના અવાજોના તફાવત સમજાવો.

૩ બાળકોના વિકાસની પ્રવૃત્તિમાં ગીતો અને તેનું ગાન કેવી રીતે કરશો.

૪ કાર્યકર્તાએ વાલીઓ સાથે કેવી રીતે સંબંધ રાખવો તે જણાવો.

**વિભાગ-ગ** **નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.** (૪×૫ = ૨૦)

૧ બાળસંભાળ કેન્દ્રની પસંદગી વાલીઓ કેવી રીતે કરે છે.

૨ બાળકોનું મૂલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.

૩ બાળકોની વિચારશકિતના કૌશલ્યને પ્રોત્સાહન કેવી રીતે આપી શકાય ?

૪ રમત ઉપર અસર કરતા પરિબળોના નામ લખી સંસ્કૃતિ વિશે લખો.

૫ બાળકો માટેના સરળ વાજીત્રો બનાવવાની રીત લખો.

**વિભાગ-ઘ** **ખાલીજગ્યા પુરો** **(ગમે તે દસ)** (૧×૧૦=૧૦)

૧ ______એટલે અંદાજ બાંધવો, ગુણમાપન કરવું પરિક્ષણ કરવું કે ધારેલા હેતુઓ સિદ્ધ થયા કે નહિ તે છે.

૨ બાળકેન્દ્રનું મૂલ્યાંકન કરવાની જવાબદારી ________ની છે.

૩ ______એ એક પ્રકારની ત્રિપરિમાણીથ ડિઝાઈન છે.

૪ ______આકારોના અનુક્રમમાં વસ્તુઓને વ્યવસ્થિત કરવાની શકિત છે.

ACC-01

૫ બાળકોના વ્યવહારની આલોચના કરતી વખતે ''તુ એક ગંદી છોકરી છે'' તેમ કહેવાને બદલે તે જે કર્યુ તે ખોટું હતુ '' એક કહેવું તે શિશુપાલનની________ રીતે કહેવાય.

૬ એકછ વર્ષના બાળકના માથાનું વજન સંપૂર્ણ પરિપકવ માપના વજનના __________ ટકા હોય છે.

૭ કેરી, સફરજન, પાલક અને કોબીજમાંથી મુખ્ય _______અને _______ તત્વો પ્રાપ્ત થાય છે.

૮ જે વ્યવહારથી કોઈ વ્યકિત કે વસ્તુને નુકસાન થાય તે ઉદ્દેશ સાથેનો વ્યવહાર _____વ્યવહાર કહેવાય.

૯ લક્ષ્ય પૂરૂકરવા જટિલ કાર્યોનું આયોજનપૂર્વક કરવાની ક્ષમતાને ____________કહેવાય છે.

૧૦ જયારે અંડ અને શુક્ર ચેગા થાય ત્યારની અવસ્થાને ______________કહે છે.

૧૧ મોટા ભાગના બાળકો_________મહિને ચાલી શકે છે.

૧૨ ______માસની ઉંમર વચ્ચે શિશુને અર્ધઘટ્ટ આહાર એટલે કે રાબ વગેરે આપી શકાય છે.

ACC-01